**બીજી ટેસ્ટ બીજો દિવસ : ભારત 503/9 ડિકલેર, જુરેલ 115*, પંત 63, શ્રીલંકા 8/2,**

# જુરેલની નોટઆઉટ સદીથી ભારતે સંકજો કસ્યો

**જુરેલની સદી અને પંતની અર્ધસદીની મદદથી ભારતે ૯ વિકેટે 503 રને દાવ ડિકલેર કર્યો**

**ભારતના મજબૂત સ્કોરની સામે શ્રીલંકાએ બીજા દિવસના અંતે આઠ રનમાં બે વિકેટ ગુમાવી**




કોલંબો, તા. 24 : અહીં રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં આજે સોમવારે વરસાદથી પ્રભાવિત બીજા દિવસે ધ્રુવ જુરેલની ધૈર્યસભર નોટઆઉટ સદી બાદ, બોલરોએ શ્રીલંકાની બે વિકેટ લેતા ભારતે ટેસ્ટ પર સકંજો કસ્યો છે. જુરેલના 177 બોલમાં નોટઆઉટ 115 રનની મદદથી ભારતે નવ વિકેટે 503 રનના સ્કોર પર પોતાનો પહેલો દાવ ડિકલેર કર્યો. જવાબમાં, શ્રીલંકાએ દિવસના રમતના અંત સુધીમાં ફક્ત આઠ રનમાં બે વિકેટ ગુમાવી દીધી. સ્ટમ્પ સમયે કામિલ મિશારા પાંચ રને ક્રિઝ પર હતો. પ્રસિદ્ધ કૃષ્ણા અને માનવ સુથારે અનુક્રમે લાહિરુ ઉદારા અને પ્રભાત જયસૂર્યાને આઉટ કર્યા હતા. શ્રીલંકા પ્રથમ દાવમાં ભારતથી 495 રન પાછળ છે.

આજના દિવસની ખાસ વાત જુરેલની શાનદાર બેટિંગ હતી, જેણે મેચના બીજા દિવસે બે મહત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. તેણે ઋષભ પંત (63) સાથે સાતમી વિકેટ માટે 112 રન ઉમેર્યા, જેનાથી ભારતનો સ્કોર છ વિકેટે 307થી 419 સુધી પહોંચી ગયો. ત્યારબાદ તેણે માનવ સુથાર (18) સાથે આઠમી વિકેટ માટે 39 રનની ભાગીદારી કરી અને ભારતને 500 ની નજીક પહોંચાડ્યું. ડેબ્યુટન્ટ સરાંશ જૈન (06) દિવસની શરૂઆતમાં આઉટ થયા પછી, ઘાયલ પંત બેટિંગ કરવા આવ્યો અને જુરેલે તેને વધુ સ્ટ્રાઇક આપવાની રણનીતિ અપનાવી. પંતે તેની પરિચિત આક્રમક ઇનિંગ દરમિયાન ઘણા શાનદાર શોટ રમ્યા. વરસાદે નિર્ધારિત ટી બ્રેક પહેલા લગભગ 30 મિનિટ પહેલા રમત અટકાવી દીધી હતી અને તે સમયે જુરેલ 95 રન બનાવીને ક્રિઝ પર હતો. બે કલાકના વિક્ષેપ પછી જ્યારે રમત ફરી શરૂ થઈ, ત્યારે જુરેલે દોડીને ફર્નાન્ડોની બોલિંગ પર એક સિંગલ રન લઈને પોતાની સદી પૂરી કરી.

| ભારત પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ બો ફર્નાન્ડો | 45 | 53 | 9 | 0 |
| રાહુલ કો ડિકવેલા બો કુમારા | 18 | 33 | 2 | 1 |
| પડિક્કલ બો નુવાન્થા | 117 | 193 | 12 | 0 |
| ગીલ કો ડિકવેલા બો ફર્નાન્ડો | 50 | 108 | 6 | 0 |
| પંત કો.ઉડાના બો.નુવાંતા | 63 | 89 | 6 | 2 |
| જાડેજા બો ફર્નાન્ડો | 43 | 83 | 4 | 0 |
| જુરેલ નોટઆઉટ | 115 | 177 | 9 | 2 |
| સારાંશ કો.મિશારા બો.ફર્નાન્ડો | 6 | 8 | 1 | 0 |
| સુથાર કો.ડિકવેલા બો.જયસૂર્યા | 18 | 51 | 2 | 0 |
| સિરાજ LB બો.જયસૂર્યા | 3 | 29 | 0 | 0 |
| પ્રસિદ્ધ નોટઆઉટ | 4 | 7 | 1 | 0 |
| વધારાના | 21 | | | |
| કુલ 138 ઓવરમાં નવ વિકેટે ડિકલેર | 503 | | | |

**વિકેટ પતન:** 1-37, 2-66, 3-186, 4-281, 5-296, 6-307, 7-419, 8-458, 9-489

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અસિતા ફર્નાન્ડો | 29 | 5 | 106 | 4 |
| લાહિરુ કુમારા | 20 | 4 | 68 | 1 |
| પ્રભાત જયસૂર્યા | 42 | 7 | 132 | 2 |
| કૈશારા નુવાંતા | 38 | 3 | 154 | 2 |
| સોનલ દીનુષા | 3 | 0 | 8 | 0 |
| ધનંજય ડિ સિલ્વા | 2 | 0 | 8 | 0 |
| કમિલ મિશારા | 4 | 0 | 16 | 0 |

| શ્રીલંકા પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ઉદારા કો.જયસ્વાલ બો.પ્રસિદ્ધ | 1 | 6 | 0 | 0 |
| મિશારા રમતમાં | 5 | 5 | 0 | 0 |
| જયસૂર્યા LB બો.સુથાર | 2 | 7 | 0 | 0 |
| વધારાના | 0 | | | |
| કુલ (3 ઓવરમાં બે વિકેટે) | 8 | | | |


**વિકેટપતન :** 1-1, 2-8

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ સિરાજ | 1 | 0 | 1 | 0 |
| પ્રસિદ્ધ કૃષ્ણા | 1 | 0 | 1 | 1 |
| માનવ સુથાર | 1 | 0 | 6 | 1 |

### ધ્રુવ જુરેલની સદી બાદના સેલિબ્રેશનમાં બાવડા પરના ટેટુએ ધ્યાન ખેંચ્યું

કોલંબો, તા. 24 : અહીં રમાઇ રહેલી બીજી ટેસ્ટના બીજા દિવસે ધ્રુવ જુરેલે સદી પૂર્ણ કર્યા પછી ખાસ સેલિબ્રેશન કરતા પોતાના ટી શર્ટની સ્લિવ ખસેડીને બાવડા પરના ટેટુને બતાવ્યું હતુ અને તેના એ ટેટુએ બધાનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.X પર તેના આ સેલિબ્રેશનનો વીડિયો અને ફોટાઓ વાયરલ બનવાની સાથે ટ્રેન્ડિંગમાં રહ્યા હતા. તેણે પોતાની સ્લીવ ઉપર કરીને ડાબા બાઇસેપ પર 'જય જવાન, જય કિસાન' ટેટુ બતાવ્યું હતું. જુરેલના પિતા સૈન્યના નિવૃત્ત સૈનિક છે અને તેમણે 1999ના કારગીલ યુદ્ધ લડ્યું હતું, જુરેલે આ પહેલા સદી ફટકારી હતી ત્યારે તેણે મેદાન પરથી સૈનિકની અદામાં સલામી આપી હતી.

### ઘાયલ ઋષભ પંતે જોરદાર છગ્ગો મારીને કોલંબો સ્ટેડિયમની સોલાર પેનલ તોડી




કોલંબો, તા. 24 : અહીં રમાતી બીજી ટેસ્ટના પહેલા દિવસે ઘાયલ થઇને રિટાયર્ડ હર્ટ થયેલો વિકેટકીપર-બેટર ઋષભ પંત આજે ફરી બેટિંગ કરવા માટે ઉતર્યો હતો અને ત્યારે શ્રીલંકન બોલરોએ તેને મુશ્કેલીમાં મૂકવા માટે તેના પર બાઉન્સરનો મારો ચલાવ્યો હતો, જોકે પંત ડર્યો નહોતો અને તેણે બે છગ્ગા સાથે અર્ધસદી ફટકારી હતી. લાહિરુ કુમારાના એક શોર્ટ બોલ પર પંતે લાઇનમાં આવીને ફાઇન લેગ પર 95 મીટરનો જોરદાર છગ્ગો ફટકાર્યો હતો. બોલ સીધો કોલંબોના SSC સ્ટેડિયમની છત પર પડતા ત્યાં લગાવેલ સોલાર પેનલમાંથી એક પર પોતાનું નિશાન છોડી ગયો હતો.

### બીજા દિવસના છેલ્લા બોલ પર હાઇ-વોલ્ટેજ ડ્રામા, અમ્પાયરના નિર્ણયથી શ્રીલંકન ટીમ રોષિત

કોલંબો ટેસ્ટમાં શ્રીલંકાના બીજા દાવની બીજી ઓવર પહેલા મેદાન પર અંધારુ હોવાની ફરિયાદ વચ્ચે બે અમ્પાયરોએ લાઇટ મીટરથી લાઇટિંગ તપાસી ચુકાદો આપ્યો કે જો ભારત તેના ઝડપી બોલરોને દૂર કરે અને ફક્ત સ્પિનરો સાથે બોલિંગ કરે તો રમત ચાલુ રહી શકે છે. જેને પગલે શુભમન ગિલે બોલ માનવ સુથારને આપ્યો. શ્રીલંકાના બેટ્સમેન પ્રભાત જયસૂર્યા અને કામિલ મિશારાએ અમ્પાયરના આ નિર્ણય સામે પોતાની નારાજગી વ્યક્ત કરી. આમ છતાં, રમત ચાલુ રહી અને દિવસના અંતિમ બોલ પર, માનવ સુથારે જયસૂર્યાને LBW આઉટ કર્યો. તે પછી જયસૂર્યાએ મેદાન છોડીને ડ્રેસિંગ રૂમમાં જતા સમયે અમ્પાયરો તરફ નજર નાખી, પોતાના ગ્લોવ્સ ફેંક્યા હતા.

## ઋષભ પંત WTCમાં સૌથી વધુ રન કરનારો ભારતીય ખેલાડી બન્યો

**ધોનીને પાછળ છોડી વિદેશમાં સૌથી વધુ રન કરનારો ભારતીય અને વિશ્વમાં ત્રીજો વિકેટકીપર, ટેસ્ટમાં સર્વાધિક છગ્ગા મામલે ત્રીજા સ્થાને**



કોલંબો, તા. 24 : અહીં રમાઇ રહેલી બીજી ટેસ્ટના પહેલા દિવસે કાંડામાં ઇજાને પગલે રિટાયર્ડ હર્ટ થયેલો ભારતીય વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત આજે સોમવારે ફરી બેટિંગ કરવા ઉતર્યો હતો અને તેણે પોતાની 89 બોલમાં 63 રનની ઇનિંગમાં કેટલાક રેકોર્ડ્સમાં નામ લખાવ્યું હતું. પંત આ ઇનિંગ દરમિયાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સર્વાધિક રન કરનારા ભારતીય ખેલાડી તરીકે કેપ્ટન શુભમન ગીલને પાછળ છોડ્યો હતો, જ્યારે ટેસ્ટમાં વિદેશી ધરતી પર સર્વાધિક રન કરનારા વિકેટકીપર તરીકે ધોનીને પાછળ છોડ્યો હતો અને ટેસ્ટમાં સર્વાધિક છગ્ગા મામલે એડમ ગિલક્રિસ્ટને પાછળ છોડી ત્રીજા સ્થાને પહોંચ્યો હતો. આજની ઇનિંગ સાથે પંતે ડબલ્યુટીસીમાં 74 ઇનિંગ્સમાં 2948 રન બનાવ્યા છે. ગીલે 76 ઇનિંગ્સમાં 2917 રન બનાવ્યા છે. તેણે ભારતીય વિકેટકીપર દ્વારા વિદેશી ધરતી પર 64 ઇનિંગ્સમાં 2534 રન બનાવીને આ મામલે ધોનીને પાછળ છોડ્યો છે. વિદેશમાં સર્વાધિક ટેસ્ટ રન કરનારા વિકેટકીપરોમાં તે ત્રીજા ક્રમે પહોંચ્યો છે. સાથે જ આજની ઇનિંગમાં બે છગ્ગા ફટકારીને તે ટેસ્ટમાં સર્વાધિક છગ્ગા મામલે એડમ ગિલક્રિસ્ટને પાછળ છોડીને ત્રીજા ક્રમે પહોંચ્યો હતો.

**WTCમાં ભારત વતી સર્વાધિક રન**

| ખેલાડી | મેચ | ઇનિંગ | રન |
|---|---|---|---|
| ઋષભ પંત | 42 | 74 | 2948 |
| શુભમન ગીલ | 42 | 76 | 2917 |
| રોહિત શર્મા | 40 | 69 | 2716 |
| રવિન્દ્ર જાડેજા | 50 | 76 | 2675 |
| વિરાટ કોહલી | 46 | 79 | 2617 |

**વિદેશમાં સૌથી વધુ રન કરનારા ભારતીય વિકેટકીપર**

| ખેલાડી | મેચ | ઇનિંગ્સ | રન |
|---|---|---|---|
| ઋષભ પંત | 36 | 64 | 2534 |
| એમએસ ધોની | 48 | 83 | 2496 |
| ફરોખ એન્જિનિયર | 20 | 39 | 1209 |
| સૈયદ કિરમાણી | 40 | 58 | 1109 |
| કિરણ મોરે | 28 | 39 | 901 |

**વિદેશમાં સૌથી વધુ ટેસ્ટ રન કરનારા વિકેટકીપર**

| ખેલાડી | દેશ | મેચ | રન |
|---|---|---|---|
| સરફરાઝ અહેમદ | પાકિસ્તાન | 52 | 2696 |
| એડમ ગિલક્રિસ્ટ | ઓસ્ટ્રેલિયા | 41 | 2634 |
| ઋષભ પંત | ભારત | 36 | 2534 |
| માર્ક બાઉચર | દ.આફ્રિકા | 72 | 2514 |
| એમએસ ધોની | ભારત | 48 | 2496 |

### મુશ્તાક. અર્શદીપે નોર્થ ઝોનને સરસાઇ પર મૂક્યું

બેંગલુરુ, તા. 24 : ડાબોડી સ્પિનર આબિદ મુશ્તાક અને અનુભવી અર્શદીપ સિંહે શાનદાર બોલિંગ કરીને નોર્થ ઝોનને દુલીપ ટ્રોફી ક્વાર્ટર ફાઇનલના બીજા દિવસે વેસ્ટ ઝોન સામે પ્રથમ ઇનિંગમાં 64 રનની મહત્વપૂર્ણ સરસાઇ મેળવવામાં મદદ કરી, જો કે યશ ધુલ ફરી એકવાર બેટિંગમાં નિષ્ફળ ગયો હતો. નોર્થ ઝોનના પ્રથમ દાવના 251 રનના જવાબમાં, વેસ્ટ ઝોને દિવસની શરૂઆત 31 રનથી બે વિકેટે કરી હતી પરંતુ તેમના બેટ્સમેન સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા અને ટીમ 181 રનમાં ઓલઆઉટ થઇ ગઇ.

### શાહબાઝના ઓલરાઉન્ડ પ્રદર્શનથી ઇસ્ટ ઝોન મોટી જીત તરફ

બેંગલુરુ, તા. 24 : ઓલરાઉન્ડર શાહબાઝ અહેમદે સોમવારે દુલીપ ટ્રોફી ક્વાર્ટર ફાઇનલના બીજા દિવસે 167 રન બનાવ્યા બાદ ત્રણ વિકેટ લીધી, જેના કારણે ઇસ્ટ ઝોને નબળા નોર્થ-ઇસ્ટ ઝોનને ફોલોઓન કર્યું હતું. પ્રથમ ઇનિંગમાં 467 રન બનાવ્યા બાદ ઇસ્ટ ઝોને નોર્થ-ઇસ્ટ ઝોનને ફક્ત 111 રનમાં ઓલઆઉટ કરી દીધું. ત્રિપુરાના મધ્યમ ઝડપી બોલર અભિજીત સરકારે પાંચ જ્યારે શાહબાઝે ત્રણ વિકેટ લીધી. ફોલોઓન થયા પછી નોર્થઇસ્ટ ઝોને રમતના વિના વિકેટે સાત રન બનાવ્યા હતા.

## ભારત સામેની ટી-20 સીરિઝ માટે અફઘાનિસ્તાનની ટીમ જાહેર

**ટીમનું નેતૃત્વ ઇબ્રાહિમ ઝદરાનને સોંપાયું, ઓલઆઉન્ડર ગુલબદીન નૈબ અને ઝડપી બોલર નવીન ઉલ હકની વાપસી**

કાબુલ, તા. 24 (પીટીઆઈ) : ભારત સામે રમાનારી આગામી ત્રણ મેચની ટી-20 ઇન્ટરનેશનલની સીરિઝ માટે અફઘાનિસ્તાને આજે સોમવારે પોતાની ટીમની જાહેરાત કરી હતી, જેમાં પહેલીવાર પૂર્ણ સમયના કેપ્ટન તરીકે ઈબ્રાહિમ ઝદરાનની વરણી થઇ છે. ત્રણ મેચની સીરિઝ 13થી 17 સપ્ટેમ્બર દરમિયાન નવી દિલ્હીના ફિરોઝ શાહ કોટલા મેદાન પર રમાશે. જે અફઘાનિસ્તાનની 'હોમ સીરિઝ' છે. અનુભવી ઝડપી બોલર નવીન-ઉલ-હક પણ જમણા ખભામાં સ્ટ્રેસ ફ્રેક્ચરમાંથી સ્વસ્થ થયા બાદ રાષ્ટ્રીય ટીમમાં પાછો ફર્યો છે. આ ઇજાને કારણે તે વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી-20 સીરિઝ અને 2026 ટી-20 વર્લ્ડકપમાં રમી શક્યો ન હતો. અનુભવી ઓલરાઉન્ડર ગુલબદીન નૈબની પણ વાપસી થઇ છે. ટી-20 ઇન્ટરનેશનલમાં ડેબ્યુની રાહ જોતા વિકેટકીપર-બેટ્સમેન નૂર રહેમાનને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. રહેમાનુલ્લાહ ગુરબાઝ સાથે બીજા વિકેટકીપર તરીકે તેની પસંદગી કરવામાં આવી છે.

**ટી-20 સીરિઝ માટેની અફઘાનિસ્તાનની ટીમ**

ઈબ્રાહીમ ઝદરાન (કેપ્ટન), રહેમાનુલ્લા ગુરબાઝ, નૂર રહેમાન, સેદીકુલ્લાહ અટલ, દરવેશ રસૂલી, અઝમતુલ્લા ઉમરઝાઈ, ગુલબદીન નૈબ, મોહમ્મદ નબી, રાશિદ ખાન, નાંગ્યાલ ખરોતી, નૂર અહમદ, મુજીબ ઉર રહેમાન, ફઝલહક ફારૂકી, અબ્દુલ્લાહ અહમદઝાઈ અને નવીન ઉલ હક.

**રિઝર્વ ખેલાડીઓ:** ઈજાઝ અહમદઝાઈ, શાહિદુલ્લા કમાલ અને ફરીદ અહમદ મલિક.

## આર્જેન્ટિના સામે હારીને ભારત હોકી વર્લ્ડકપ સેમીની રેસમાંથી બહાર

**ભારતે સેમી પ્રવેશ માટે આ મેચ ત્રણ ગોલની સરસાઇથી જીતવાની હતી તેને બદલે તે 3-5થી મેચ હાર્યું**



એમ્સ્ટલવીન, તા. 24 : એફઆઇએચ વર્લ્ડકપમાં આજે સોમવારે રમાયેલી મેચની 39મા સેકન્ડમાં પહેલો ગોલ ખાધા પછી નબળા ડિફેન્સને કારણેઆર્જેન્ટિના સામે 3-5થી હારવાની સાથે ભારતીય પુરુષ હોકી ટીમ વર્લ્ડકપ સેમી ફાઇનલની રેસમાંથી બહાર થઇ ગઇ હતી. પાછલી મેચમાં નેધરલેન્ડ્સ સામે હારી ગયા બાદ ભારત પૂલ Eમાંથી લગભગ બહાર થઈ ગયું હતું, પરંતુ આર્જેન્ટિનાના ઇંગ્લેન્ડ પરના વિજયથી ટેકનિકલી તેમના માટે ક્વોલિફાય થવાનો દરવાજો ખુલ્યો તો હતો અને તેમને ઓછામાં ઓછા ત્રણ ગોલથી જીતવાની જરૂર હતી. જો કે એ જ આર્જેન્ટીના સામે ભારતે પ્રથમ છ મિનિટમાં બે ગોલ ગુમાવ્યા અને તે દબાણને દૂર કરવામાં અસમર્થ રહેવાની સાથે ખરાબ પાસિંગ, બોલ પરનો કબજો ગુમાવવો અને રક્ષણાત્મક ઢાળ અપનાવવું ભારતને મોંઘુ પડ્યું. ભારતે અંતિમ બે મિનિટમાં બે ગોલ કર્યા, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. આ પૂલમાંથી નેધરલેન્ડ્સ પહેલાથી જ સેમિફાઇનલમાં પહોંચી ગયું છે. આ વર્ષે રાઉરકેલામાં FIH પ્રો લીગમાં ભારતને 8-0 અને 4-2થી હરાવનાર આર્જેન્ટિનાએ પોતાનું વર્ચસ્વ ચાલુ રાખ્યું.

### ઓસ્ટ્રેલિયા સામે ડ્રો બાદ ભારતીય મહિલા ટીમ સેમીની રેસમાંથી બહાર

એમસ્ટલવીન, તા. 24 : અહીં શનિવારે રમાયેલી મસ્ટ-વિન મેચમાં ઓસ્ટ્રેલિયા સામે 0-0થી ડ્રો રમ્યા બાદ ભારતીય મહિલા હોકી ટીમ સેમી ફાઇનલની રેસમાંથી બહાર થઈ ગઈ છે. સેમી ફાઇનલમાં પહોંચવા માટે ભારતને જીતની જરૂર હતી, જ્યારે વધુ ગોલ નોંધાવ્યા હોવાના આધારે ઓસ્ટ્રેલિયા માત્ર ડ્રો સાથે આગળ વધવામાં સફળ રહ્યું હતું. બંને ટીમોનો ગોલ ડિફરન્સ (-2) સરખો હતો, પરંતુ ઓસ્ટ્રેલિયાએ પૂલમાં 3 ગોલ કર્યા હતા, જ્યારે ભારતના નામે 2 ગોલ હતા. ભારતીય ટીમે પાસિંગ અને પઝેશનમાં ભૂલો કરી હતી અને મળેલી તકો ગુમાવી હતી.

## સિનસિનાટી ઓપન : કોકો ગફ અને આર્થર ફીલ્સ બન્યા ચેમ્પિયન

**ગફે પેગુલાને હરાવી પોતાનૂ બીજુ સિનસિનાટી જ્યારે ફિલ્સે ટિયાફોને હરાવી પોતાનું પહેલું માસ્ટર્સ ટાઇટલ જીત્યું**



સિન્સિનાટી, તા. 24 : કોકો ગફે તેની જ દેશની જેસિકા પેગુલાને 6-2, 6-4થી હરાવીને બીજી વખત વિમેન્સ સિન્સિનાટી ઓપન ટાઇટલ પોતાના નામે કર્યું છે. જ્યારે મેન્સ સિંગલ્સના ફાઇનલમાં ફ્રાન્સના આર્થર ફીલ્સે અમેરિકાના ફ્રાન્સિસ ટિયાફોને 6-3, 1-6, 6-0થી હરાવીને પોતાનું પહેલું માસ્ટર્સ 1000 ટાઇટલ જીત્યું હતું.

સેમી ફાઇનલમાં પેગુલાએ ડિફેન્ડિંગ ચેમ્પિયન ઇગા સ્વિટેકને અને ગફે સારા બેજલેકને હરાવીને 56 વર્ષમાં પહેલીવાર સિન્સિનાટી ઓપનની ઓલ-અમેરિકન વિમેન્સ ફાઇનલ નક્કી કરી હતી. ગફે ફાઇનલમાં 5-0ની મજબૂત લીડ મેળવી સરળતાથી વિજય મેળવ્યો હતો. આ જીત સાથે જ ગફ અને પેગુલા વચ્ચેનો હેડ-ટુ-હેડ રેકોર્ડ 5-5થી બરાબર થયો છે. બીજી તરફ, ફીલ્સ અને ટિયાફો વચ્ચેની મેચ ATP માસ્ટર્સ 1000 ફાઇનલમાં બે અશ્વેત ખેલાડીઓ વચ્ચેનો પહેલો મુકાબલો હતો. 22 વર્ષીય ફીલ્સ માસ્ટર્સ 1000ના ઇતિહાસમાં સૌથી નાની વયનો ફ્રેન્ચ ચેમ્પિયન બન્યો છે. તેણે ત્રીજા સેટમાં શાનદાર વાપસી કરીને ટિયાફોને હરાવ્યો હતો. ટિયાફો 2024 પછી બીજી વખત અહીં ફાઇનલમાં હાર્યો હતો.

## સ્પેનિશ લીગ : PSG ડેબ્યૂમાં ટોરેસના બે ગોલ, બાર્સેલોનાની મોટી જીત

**બાર્સલોનાએ એલ્ચેને હરાવી ટાઇટલ ડિફેન્ડ અભિયાનની મજબૂત શરૂઆત કરી, પીએસજીએ રેન્સ સામે ડ્રો રમી**

**પ્રિમિયર લીગમાં માન્ચેસ્ટર સિટીએ બોર્નમાઉથને હરાવ્યું, લિવરપુલની ન્યૂકેસલ સામેની મેચ ડ્રો**

મેડ્રિડ, તા. 24 : સ્પેનિશ લીગ ટાઇટલ બચાવવા ઉતરેલી બાર્સિલોનાએ એલ્ચેને ૫-૦થી હરાવીને શાનદાર શરૂઆત કરી છે, જ્યારે ફ્રેન્ચ ચેમ્પિયન પેરિસ સેન્ટ-જર્મેન (PSG) માટે ડેબ્યૂ કરી રહેલા ફેરાન ટોરેસે બે ગોલ કરીને રેન્સ સામેની મેચ 2-2થી ડ્રો કરાવી હતી.

ટોરેસે 71મી અને 82મી મિનિટે ગોલ કરીને પીએસજીને હારમાંથી ઉગારી લીધું હતું, આ બંને ગોલમાં ફેબિયન રૂઇઝે મદદ કરી હતી. બીજી તરફ બાર્સિલોના માટે રાફિન્હા અને ફર્મીન લોપેઝે 2-2 ગોલ કર્યા હતા, જ્યારે નવા ખેલાડી કરીમ અદેયેમીએ પણ ગોલ નોંધાવ્યો હતો. અન્ય મેચોમાં, પ્રીમિયર લીગમાં એન્ઝો મારેસ્કાના નેતૃત્વ હેઠળ માન્ચેસ્ટર સિટીએ બોર્નમાઉથને 2-1થી હરાવ્યું હતું, જ્યારે લિવરપૂલે ન્યૂકેસલ સામે 2-2થી ડ્રો મેળવી હતી. તુર્કી લીગમાં ટ્રેબઝોનસ્પોર તરફથી રમતા મોહમ્મદ સાલાહે બે ગોલ કરીને બાશાકશેહિર સામે ૨-૧થી જીત અપાવી હતી. ઇટાલિયન લીગમાં એસી મિલાને ટોરિનોને ૨-૧થી અને જુવેન્ટસે ફ્રોસિનોનને ૧-૦થી હરાવ્યું હતું.

### કીમરને હરાવી પ્રજ્ઞાનંદાનો ફાઇનલનો દાવો મજબૂત

સેન્ટ લુઇસ : ભારતના ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદાએ જર્મનીના વિન્સેન્ટ કીમરને હરાવીને 9-3થી સરસાઇ મેળવી લીધી છે અને તે ગ્રાન્ડ ચેસ ટૂરની આખરી સ્પર્ધાની ફાઇનલમાં ક્વોલિફાઇ થવાની ખૂબ જ નજીક પહોંચી ગયો છે. આ જીતનો અર્થ એ થયો કે પ્રજ્ઞાનંદા હવે ૪,૫૦,૦૦૦ અમેરિકન ડોલરની આ ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચવાથી માત્ર છ પોઇન્ટ દૂર છે.

### જયસ્વાલ અને ફર્નાન્ડોને મેદાન પર ઘર્ષણ બદલ મેચ ફીના 25 ટકા દંડ

દુબઈ, તા. 24 (પીટીઆઇ) : કોલંબોમાં બીજી ટેસ્ટના પહેલા દિવસે મેદાન પર થયેલા ઘર્ષણ બદલ ભારતના ઓપનર યશસ્વી જયસ્વાલ અને શ્રીલંકાના ફાસ્ટ બોલર આસિતા ફર્નાન્ડોને તેમની મેચ ફીના 25 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. બંને ખેલાડીઓના ખાતામાં એક-એક ડિમેરિટ પોઇન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. આઇસીસીએ એક નિવેદનમાં કહ્યું હતું કે બંને ખેલાડીઓએ પોતાનો ગુનો સ્વીકાર્યો અને ICC એલીટ પેનલ મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટ દ્વારા પ્રસ્તાવિત દંડનો સ્વીકાર કર્યો, તેથી ઔપચારિક સુનાવણીની કોઈ જરૂર નહોતી.

## દબાણ છતાં એશિયન ગેમ્સ પસંદગીના માપદંડમાં કોઈ છૂટછાટ નહીં : રમત મંત્રાલય

**ટેનિસમાં દેશની નંબર વન સહજા યમ્માપલ્લી સહિતના પાંચ ખેલાડીની બાકાતીથી થયેલા વિવાદ પછી મંત્રાલયની સ્પષ્ટતા**

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ) : રમત મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે જે ખેલાડીઓ એક વર્ષ પહેલા જાહેર કરાયેલ પસંદગીના માપદંડોને પૂર્ણ કરતા નથી તેમને તેમના સમર્થકો દ્વારા દબાણ છતાં એશિયન ગેમ્સ માટે પસંદ કરાયેલી ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવશે નહીં. રમતગમત મંત્રાલયે ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ૪૯૨ રમતવીરોની ટુકડીને મંજૂરી આપી છે. મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જારી કરાયેલા માપદંડોને અવગણીને આ વધારાના ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે નહીં. રમત મંત્રાલયના એક સૂત્રએ જણાવ્યું હતું કે, અમારા પર ખૂબ દબાણ હતું. કેટલાક માતા-પિતા આવ્યા અને કહ્યું કે તેમના બાળકની પસંદગી થઈ નથી. અમે તેમને કહ્યું કે જો તમારું બાળક પસંદગીને લાયક છે અને માપદંડોને પૂર્ણ કરે છે, તો તેની પસંદગી ન થવાનું કોઈ કારણ નથી.

ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (AITA) દ્વારા મૂળ પસંદગી કરાયેલી ટીમમાંથી પાંચ ખેલાડીઓને બહાર કર્યા બાદ છેલ્લા કેટલાક દિવસોમાં એક નવો વિવાદ ઉભો થયો છે. ટીમમાં સુમિત નાગલ એકમાત્ર પુરુષ સિંગલ્સ ખેલાડી છે, જ્યારે ભલામણ કરાયેલ મહિલા ખેલાડીઓ, જેમાં ભારતની નંબર વન મહિલા ખેલાડી સહજા યમ્મલાપલ્લીનો સમાવેશ થાય છે, જે WTA રેન્કિંગમાં 344મા ક્રમે છે, તેમને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા છે. આ નિર્ણયની AITA અને રોહન બોપન્ના સહિત ઘણા ભૂતપૂર્વ ખેલાડીઓ દ્વારા આકરી ટીકા કરવામાં આવી છે.

### આજનું પંચાંગ

**તા. 25/08/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** સુદ: તેરસ: વૃદ્ધિ તિથિ છે- ભોમપ્રદોષ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા: 03
**યોગ :** આયુષ્યમાન **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** ઊ.ષા.:- 22:52
**રાશિ:** મકર (ખ,જ)
**દિવસ :** અશુભ- મંગળાગૌરી પૂજન
**સુરતમાં સૂર્યોદય :** 06:21 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:00
**નવકારસી :** 07:09
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુકાળ :** બપોરે: 15:00 થી 16:30 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કેરીયરમાં પ્રભાવશાળી લોકોનું માર્ગદર્શન મળે. આવક વધારવાની યોજના પાર પડે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉત્સાહજનક સમાચાર મળે. જૂના મિત્રોની મુલાકાત યાત્રા દરમિયાન થાય. નવી તકથી લાભ.

**મિથુન (ક,છ,ઘ,):** થાક અને માનસિક અશાંતિ રહે. ખાવા પીવામાં ધ્યાન રાખવું. અચાનક અનુકૂળતા થાય. કામમાં ગતિ આવે.

**કર્ક (ડ,હ,):** પરિવારના સાથથી નવા વેપાર ધંધાની યોજના બને. કોર્ટ કચેરીમાં મદદ મળે. રોજની આવક વધે.

**સિંહ (મ,ટ,):** આરોગ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં હરીફોથી સાવધાન. સરકારી નોકરીયાતે લાલચથી બચવું.

**કન્યા (પ,ઠ,ણ,):** પરીક્ષામાં સફળતા મળે. પ્રેમ-વિવાહનો પ્રસ્તાવ આવે. નવા આર્થિક રોકાણથી લાભ થાય.

**તુલા (ર,ત,):** સમાજીક કાર્યમાં ભાગ લેવાનું બને. નોકરીમાં નવી તક મળે. વડીલોની સલાહ માનવી આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** યાત્રા-પ્રવાસમાં મનોરંજન થાય. લેખન-પ્રકાશન, ટ્યુશન, દલાલીમાં આવક વધે. શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક લાભનો અવસર મળે. વાણી પર કાબુ રાખવો. પરિવારમાં ઉત્સવ જેવુ રહે. શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. આત્મવિશ્વાસ વધશે. નોકરીમાં પ્રગતિ થાય. દાંપત્યજીવનમાં આનંદ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ધાર્મિક સામાજિક અને પ્રવાસને લગતાં કામ થાય. ગુપ્ત ભય સતાવે. ખર્ચા વધે. સંતાન ચિંતા રહે.

**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. મિત્રો સાથે મનોરંજન થાય. અચાનક આવક વધે.

### કોઈ પણ સાલમાં 25 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થાય. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. નવા ફેરફારથી દોડધામ જવાબદારી વધે. સમાજમાં માન મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. હરીફોથી સાવધાન રહેવું પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. પ્રેમ વિવાહની યોજનામાં મદદ મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ પાર પડે. મિત્રો- વડીલોની સલાહ અને મદદ મળતી રહેવાથી આત્મવિશ્વાસ ટકી રહેશે. યાત્રા-પ્રવાસ ધર્મ -કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 07,16,25 તારીખે નવા કામ કરવા. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ- સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05,14, 23 તારીખે નવા કામ ટાળવા. લાલ અને લીલા રંગનો ઉપયોગ ટાળવો.

### સુડોકુ ૬૬૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૭ | | ૪ | ૬ | ૯ | ૮ | ૩ |
| ૯ | | ૮ | ૩ | | ૭ | | | |
| ૪ | | ૩ | ૯ | | | ૨ | ૭ | ૧ |
| | | | ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૫ |
| ૫ | ૭ | | ૮ | | ૩ | | ૯ | ૪ |
| | ૧ | | | ૯ | ૫ | ૮ | ૨ | ૭ |
| | | ૪ | ૧ | ૭ | | ૩ | ૫ | |
| ૨ | ૯ | ૫ | | ૩ | | ૭ | ૧ | |
| ૭ | ૩ | ૧ | | | | | | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

**સુડોકુ ઉકેલ-૬૬૧૧**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૮ | ૩ |
| ૯ | ૨ | ૮ | ૩ | ૧ | ૭ | ૫ | ૪ | ૬ |
| ૪ | ૬ | ૩ | ૯ | ૫ | ૮ | ૨ | ૭ | ૧ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૫ |
| ૫ | ૭ | ૨ | ૮ | ૬ | ૩ | ૧ | ૯ | ૪ |
| ૩ | ૧ | ૬ | ૪ | ૯ | ૫ | ૮ | ૨ | ૭ |
| ૬ | ૮ | ૪ | ૧ | ૭ | ૨ | ૩ | ૫ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૩ | ૪ | ૭ | ૧ | ૮ |
| ૭ | ૩ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ | ૬ | ૨ |

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**બાળકને દાંત**

બાળકો માટે દાંત આવવા એ અતિ પીડાદાયક છે. ધાવડીના ફૂલ, લીંડી પિપર અને આમળા ના ચૂર્ણમા મધ ભેળવી, આ મિશ્રણ આંગળી પર લઈ બાળકના પેઢા પર ઘસી આપવું તેથી પીડા ઓછી થશે.